# આતંકવાદમાં અનેકાંતવાદ

સમુદ્ર માર્ગથી મુંબઈ આવેલા આતંકવાદીઓ પર ક્રોધ ન કરો, દ્વેષ ન કરો, પણ સંસાર સમુદ્રમાં ડૂબવાવાળા તે આતંકવાદીઓ પર કરૂણા કરો. આતંકવાદીઓનું લક્ષ્ય દેશમાં આતંક ફેલાવવાનું હોતું જ નથી, તેઓ તો ફક્ત દેશવાસીઓમાં આતંક ફેલાવવા ઈચ્છે છે.

આ લખાણના કારણે તમને કદાચ મારા પર પણ ક્રોધ આવી શકે છે, પરંતુ આતંકવાદમાં અનેકાંતવાદ કૃતિનું ધ્યેય કોઈપણ હિંદુસ્તાનીના હૃદયમાં દ્વેષ જગાડવાનું કે દેશપ્રેમની ભાવના દુભાવવાનું નથી.

અધ્યાત્મ દ્રષ્ટિથી લખાયેલી આ કૃતિ લૌકિકદ્રષ્ટિથી અટપટી લાગી શકે છે, પરંતુ આ કૃતિનું ધ્યેય દરેક જીવ મંગળસુખની પ્રાપ્તિ કરે એ જ છે. ભલુ કરનારનું ભલુ તો દરેક વ્યકિત ઈચ્છે છે, પરંતુ બુરું કરનારનું ભલુ ઈચ્છવું તે જ્ઞાનીનું કર્તવ્ય છે. આનું નામ જ અનેકાંત દ્રષ્ટિ છે.

આગથી આગને ઓલાવી શકાતી નથી, આગને ઓલાવવા માટે પાણીની જરૂર પડે છે. ગોળીનો જવાબ ગોળીથી આપવાની વાત તો બહુ દૂર, પણ ગોળીનો જવાબ ગાળથી પણ ન આપો.

ઘણા લોકો એમ કહે છે કે આજે દેશને ગાંધીજી જેવા નેતાની જરૂર નથી, પણ દેશને સુખી અને સમૃદ્ધ બનાવવા માટે સુભાષચંદ્ર બોઝ અને શહીદ ભગતસિંહ જેવા નેતાઓની જરૂર છે. મારો અંતરનાદ તો એ જ કહે છે આજે દેશને ભગવાન મહાવીર જેવા પ્રણેતાની જરૂર છે.

પૂ. કાનજીસ્વામી એમ કહેતા કે જેણે પોતાના આત્માને ઓળખ્યો નથી, તે લોકો જીવતા મડતા જ છે. જે આતંકવાદીઓ દેશમાં આતંક મચાવી રહ્યા છે, તેઓ પણ પોતાના આત્માને જાણતા નથી. તેથી તેઓને પણ જીવતા મડતા સમજવા જોઈએ. આપણે એ વાતનો ગંભીરતાથી વિચાર કરવો જોઈએ કે મરેલાને મારીને આપણું શું વળવાનું છે? મરેલાને મારવા ક્યાં સુધી ઉચિત છે? તેમને મારવાની વાત તો છોડો, પણ તેમને મારવાનો ભાવ પણ શા માટે કરવો? આપણા મારવાના ભાવથી તેઓ મરતા તો નથી જ, પણ ભાવમરણ કરીને આપણે પળેપળે મરી રહ્યા છીએ અને ભવભ્રમણ વધારી રહ્યા છીએ.

સમય જતા આ આતંકવાદી હુમલાનું દુઃખ લોકો ભૂલી જશે. આ પ્રસંગ કોઈ મહાભારતના યુદ્ધ જેવો ભયાનક તો ન હતો જ. અઢાર દિવસ ચાલેલા તે ભયાનક પ્રસંગને પણ લોકો ભૂલી ગયા તો થોડા દિવસ ચાલેલા આ હુમલાની વાત તો શું? હાં, એટલું જરૂર છે કે અનેક લોકોએ તે દિવસોમાં કેટકેટલા પાપરૂપ ભાવ કર્યા કે અનંત કર્મબંધન થયા જેના ફળમાં અનંતભવ સુધી દુઃખ ભોગવવું પડશે. આપણું કર્તવ્ય છે કે દેશમાં ફેલાયેલો આતંકવાદની અસર આપણા આત્માને ન થાય. દેશની સુરક્ષા સાથે આત્માની રક્ષા કરવી એ પણ આપણું પરમ કર્તવ્ય છે.

માંસાહારી પ્રાણીઓ દ્વારા મરવાવાળા શાકાહારી પ્રાણીઓ પ્રત્યે આપણને જે દયાભાવ આવે છે, તેવો દયાભાવ આતંકવાદીઓ પ્રત્યે કેમ આવતો નથી? એક વાત ચોક્કસ છે કે આપણા ભાવથી આતંકવાદીઓનું કંઈ ભલુ-બુરુ થવાનું નથી, તેમનું ભલુ-બુરુ તો તેમના ભૂતકાળમાં કરેલા કર્મના ફળ પર આધારિત છે.

એટલુ જરૂર છે કે તેમના પ્રત્યે આપણે ભાવેલી ઉત્તમ ભાવનાનું ફળ આપણને જરૂર મળશે જ. આપણે તેમના પ્રત્યે શુભભાવના ભાવવી જોઈએ કે જેથી આપણા આત્માની અવશ્ય ઉન્નતિ થાય.

તમે એમ કેમ માની લો છો કે આતંકવાદીઓએ નિર્દોષ લોકોને માર્યા છે? અનેકાંત દ્રષ્ટિએ વિચારો તો મરનારનો આયુકર્મનો ઉદય શું એટલો જ નહોતો? સત્ય તો એ છે કે આયુષ્ય પૂર્ણ થયા વિના કોઈ મરતુ નથી અને આયુષ્ય પૂર્ણ થયા બાદ કોઈ બચતુ નથી. એ જ પરમ સત્ય છે તો પછી લોકોના મરવામાં માત્ર નિમિત્ત થવાવાળા આતંકવાદીઓ પ્રત્યે દ્વેષ શા માટે કરવો?

એમ દેખવામાં આવે છે કે જ્યારે જ્યારે આવો પ્રસંગ બને છે ત્યારે ત્યારે તે સંબંધી જે વાતચીતો ચાલે છે તે ગપશપ કરી રહેલા લોકોની ભીડમાં જઈને આપણે આતંકવાદ અને સરકારની નિંદા કરીએ છીએ. એક પળ માટે પણ એવો વિચાર કરવો જોઈએ કે જે લોકોની સાથે બેસીને હું તે આતંકવાદીઓની નિંદા કરૂં છું, તેમાંનો એક પણ સાથી મારા પોતાના ભાવોથી બંધાયેલા કર્મોને ભોગવવામાં મને સાથ આપવાનો નથી, તેથી આ રીતે કોઈની પણ નિંદા કરવી યોગ્ય નથી.

આવા લોકો કોઈને દુઃખી કરવા માટે દેશવાસીઓમાં આતંક નથી ફેલાવતા, તેઓ તો ફક્ત જન્નતમાં જવા માટે આવો આતંક મચાવે છે. આવા લોકો ના મનમાં ખૂબ જ ઉંડાણથી એવી વાતોની જડ નંખાઈ ગઈ છે કે આ લડાઈ માં કદાચ તમે મરી પણ જશો તો તમને સ્વર્ગ જરૂર મળશે. કોઈ ધર્મના ગ્રંથોમાં એમ નથી લખ્યું કે આતંક ફેલાવવાથી આપને સ્વર્ગ કે સુખ મળશે. દુઃખ ની વાત એ છે કે ધર્મદ્રોહીઓએ પોતાના સ્વાર્થની સિદ્ધિ માટે આવો ઉંધો માર્ગ ચીંધ્યો છે. તેઓ પોતાનો સંસાર સાગર માં ડુબાડે છે. આવો ઉંધો માર્ગ બતાવવા વાળા પણ ખરી રીતે તો દયાપાત્ર છે. જેનું સંસાર પરિભ્રમણ ઘણું બાકી છે. તેમને જ આવા ખરાબ વિચારો આવે છે. એમનું ભવિષ્ય પણ આવું જ હોય છે, માટે તેમના પર દ્વેષ કરવો પણ ઠીક નથી.

એ લોકોએ જે કાંઈ પણ કર્યુ તે કાં તો સ્વર્ગ મેળવવા, કાં તો સુખ મેળવવા. પરંતુ સુખી થવાનો રસ્તો ઉંધો લીધો. આપણે પણ શું કરી રહ્યા છીએ? હિંસાદિ પાપ કરીને, વિષય સુખ ભોગવીને સુખી થવા માંગીએ છીએ.એ દ્રષ્ટિ એ તો અમારો સુખી થવાનો રસ્તો જ ઉંધો છે, યોગ્ય નથી. એક પળ માટે સાચા હૃદયથી આપણે પણ વિચારીએ તો શું એમ નથી લાગતું કે અમારા અંદર પણ આવો આતંકવાદ છુપાયો છે? અનેકાંતદ્રષ્ટિથી વિચારીએ તો તે આતંકવાદી મારી જાતિના જ આત્મા છે.

એક સજ્જન પુરૂષ નદીમાં ડુબતા વીંછીને બચાવવાની કોશિષ કરી રહ્યા હતાં, કોઈએ કહ્યુ કે તે વીંછી તમને કરડે છે તો પણ તમે તેને બચાવવાનો પ્રયત્ન કેમ કરો છો? તે પુરૂષે કહ્યું કે વીંછી તેનો કરડવાનો સ્વભાવ છોડતો નથી, તો હું મારો બચાવવાનો સ્વભાવ કેમ છોડું?

આપણે પણ કોઈ જીવના ભલા માટે મંગળ ભાવના ભાવવાનો સ્વભાવ છોડવો ન જોઈએ. અનેકાંતદ્રષ્ટિથી આતંકવાદ પર વિચાર કરવાથી આતંકવાદથી ઉત્પન્ન થવાવાળો વિકાર ઉત્પન્ન જ નહિ થાય. આપણે પણ એવી ભાવના જતાવવી જોઈએ કે તેઓ પણ મોક્ષમાર્ગ પર પ્રયાણ કરીને મોક્ષ અને અતીન્દ્રિય સુખ પ્રાપ્ત કરે, આવો ઉત્તર પંડિત ફુલચંદ શાસ્ત્રી ત્યારે આપ્યો જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે આપણે આતંકવાદીઓનું શું કરવું જોઈએ?

# એક ઈન્ટરવ્યુ

પત્રકાર : શું આવા પાપી આતંકવાદીઓના હિત માટે પણ શુભ ભાવના કરવી જોઈએ?

પંડિતજી : શા માટે નહિ? શું આપણે એ ભાવના ન ભાવવી જોઇએ કે સંસારમાં પરિભ્રમણ કરી રહેલા દરેક જીવ મોક્ષ અને અતીન્દ્રિય સુખની પ્રાપ્તિ કરે? જ્યારે આપણે બધા સંસારી જીવોની મુક્તિ માટે પ્રાર્થના (કામના) કરીએ છીએ, તો આતંકવાદીઓ પણ આમાં ગર્ભિત થયા કે નહિ?

પત્રકાર : શું તેઓ પણ મુક્તિ પ્રાપ્ત કરી શકે છે?
પંડિતજી : જો તેઓ મુકિત પ્રાપ્ત ન કરી શકતા હોત તો આપણે તેમની મુકિતની ઇચ્છા શા માટે કરીએ? કોઇ પણ ભવ્ય જીવને મુકિત પ્રાપ્ત કરવાનો અધિકાર છે.

પત્રકાર : શું તે આતંકવાદી ક્ષણભરમાં બદલાઇને ધર્મી થઈ જશે?
પંડિતજી : આજસુધી જેટલા જીવોને આત્મજ્ઞાન થયું છે અથવા વૈરાગ્ય પ્રગટ થયો છે, તેમને ક્ષણભરમાં જ થયો છે. અનંતકાળથી ચાલી રહેલું અજ્ઞાન ટાળવા માટે અનંતકાળ લાગતો નથી. રાત્રિનો અંધકાર દૂર થવા માટે આખો દિવસ નથી લાગતો.

પત્રકાર : શું આટલા નિર્દોષ લોકોને મારીને પણ જીવ ક્ષણભરમાં પલટાઇ શકે છે?
પંડિતજી : ભૂતકાળમાં થઈ ગયેલા ચક્રવર્તી વગેરે રાજા-મહારાજા પણ યુદ્ધમાં લાખો જીવોની હિંસા કરીને ક્ષણભરમાં વૈરાગી થઈ ગયા હતા. તો આતંકવાદીઓ પણ ક્ષણભરમાં વૈરાગી કેમ ન થઈ શકે? જરૂર થઈ શકે.

પત્રકાર : આતંકવાદીઓએ 200 નિર્દોષ લોકોને મારી નાખ્યા. દેશની સમસ્ત જનતાએ કહ્યું કે અમારી ભાવનાને બહુ આઘાત લાગ્યો છે. ખાસ દુઃખ તો એ વાતનું છે કે 200 લોકોનું સામુહિક મરણ થયું. તેના વિષે તમે શું કહેવા માંગો છે?
પંડિતજી : જ્યારે આપ ઊંડાણથી વિચાર કરશો ત્યારે આપને ખબર પડશે કે તે 200 લોકોનું સામુહિક મરણ થયું જ નહોતું. 200 લોકોના મૃત્યુનો સમય એક નહોતો. કોઇ વ્યકિત દસ વાગ્યે મરણ પામી, તો કોઇ દસને બે મિનિટે. જ્યારે આપણે ચાલતા હોઇએ છીએ, ત્યારે રસ્તામાં કીડીનું દર હોય અને તે બધી જ કીડીઓ આપણા પગ નીચે કચડાઇને મરી જાય, ત્યારે સામુહિક મરણ થયું એમ કહેવાય છે. આપણી સૌથી મોટી નબળાઈ એ છે કે જુદાજુદા સમયે મૃત્યુ પામેલા 200 લોકોના મરણ આપણને સામુહિક મરણ લાગે છે, પણ 200 કીડીઓનું એકસાથે થયેલા મરણ આપણને સામુહિક મરણ નથી લાગતા. આપણને મનુષ્યના મરણ જ મરણ લાગે છે, પણ પ્રાણીઓના મરણ તો મરણ લાગતા જ નથી. આના પરથી આપણે સમજી શકીએ છીએ કે આપણા વિચારો કેટલા સંકુચિત છે. જો તમે આતંકવાદીઓ દ્વારા બે દિવસમાં મૃત્યુ પામેલા 200 લોકોના મરણને સામુહિક મરણ કહો છો તો તમે એક વાત કેમ ભૂલી જાઓ છો કે કમાંડો દ્વારા બે દિવસમાં દસ આતંકવાદીઓના પણ સામુહિક મરણ થયા હતા. શું તમને લાગે છે કે ત્યાં કોઇ જીવનું મરણ થયું? જેટલી હમદર્દી તમે 200 લોકો પ્રત્યે દર્શાવી તેટલી જ હમદર્દી 10 આતંકવાદીઓ પ્રત્યે કેમ ન દર્શાવી? તમારી નજરમાં એમ જ છે કે તેઓ દોષી હતા. આ એક જ કારણ છે. જો તે આતંકવાદી તમારી નજરમાં જીવ હોત તો તમે જેવી હમદર્દી પેલા 200 લોકો પ્રત્યે બતાવી, તેવી જ હમદર્દી તમે 10 આતંકવાદીઓ પ્રત્યે પણ દર્શાવી હોત.

મરનારા 200 હોય કે 10 હોય, આપણે એ વાત ન ભૂલવી જોઇએ કે મારે પણ એક દિવસ

મરવાનું છે જો આ ભવમાં પાપોનો બોજો સાથે લઈ જવા ન માંગતા હો તો તમારા ભાવોને બદલાવી દો. મને વિશ્વાસ છે કે જગતને બદલાવવાનો ભાવ જતો રહેશે અને બહુ થોડા જ સમયમાં તમારો સંસાર પણ ટળી જશે.

પત્રકાર : શું તમને ખબર છે કે મુંબઈ આવ્યા પહેલા તેઓ કેટલા ભોગો ભોગવીને આવ્યા હતા? શું પાપની ચરમસીમા સુધી પહોંચવાવાળાને પણ ક્ષણભરમાં વૈરાગ્ય આવી શકે?
પંડિતજી : ચક્રવર્તી 96000 રાણીઓને ભોગવીને પણ વૈરાગી થઈ જતા હતા. મને વિશ્વાસ છે કે તે આતંકવાદીઓ 96000 સ્ત્રીઓને ભોગવીને તો મુંબઈ નહીં આવ્યા હોય.

પત્રકાર : તે કાળ જુદો હતો, આ કાળ જુદોછે એવું તમને નથી?
પંડિતજી : કાળ જુદો છે પરંતુ આત્મા તો તેનો તે જ છે ને? કાળ બદલાઈ ગયો પરંતુ આત્માનો સ્વ-ભાવ થોડો બદલાઈ ગયો છે? ચોથા કાળમાં આત્મામાં જે શક્તિ હતી તેવી શકિતઓ  પંચમકાળમાં પણ આત્મામાં છે

પત્રકાર :શું આ કાળમાં પણ અમે અમારા આત્માનું હિત કરી શકીએ?
પંડિતજીઃ- જો આ કાળમાં આપણે આત્માનું હિત ન કરી શકતાં હોત તો આ કાળમાં જ્ઞાની ઉપદેશ જ શું કામ આપની તમે તમારૂં હિત આ કાળમાં પણ કરી શકો છો એટલે તો તેઓ ઉપદેશ આપે છે.

પત્રકારઃ તે આતંવાદી કદાચ અમારૂં નુકસાન કરે તો પણ?
પંડિતજીઃ જ્ઞાની કહે છે કે તમે જે પદાર્થોમાં પોતાપણું કરો છો તે પદાર્થો વાસ્તવમાં આપણા છે જ નહી.આતંકવાદી તો શું દુનિયાની કોઇ તાકાત આત્માનો નાશ કરી શકતી નથી. તેથી તદન નિશિત થઇ જાઓ. આપણે એમ માનવું જોઇએ કે તેઓએ અમારૂં કંઇ બગાડયું જ નથી, જે કંઇ થયું તે અમારા કર્મો ના ઉદયના કારણે થયું છે, અથવા તો તે સમયની તેવી જ યોગ્યતા ના કારણે થયું છે,અને આજ ત્રિકાળ સત્ય છે.

પત્રકારઃ આપણે કેટલો અન્યાય સહન કરીશુ?ક્યાં સુધી તેઓના જાણ માટે સારી ભાવનાઓ ભાવતાં રહીશું?શું જયાં સુધી તેઓનો મુક્તિ નહી મળે ત્યાં સુધી?
પંડિતજીઃતેઓના હિત માટે સારી ભાવનાઓ બતાવીએ છીએ,તેમાં ખરી રીતે તો અમારૂં જ હિત છુપાયેલું છે. જયાં સુધી અમને મુક્તિ ન મળે ત્યાં સુધી, આપણે તેમની મુક્તિ ની ઇચ્છા રાખવી જોઇએ.એક પળ માટે પણ કોઇ પ્રત્યે દ્વેષભાવ પેદા ન થાય તેવું યાદ રાખજો.

પત્રકારઃઆતંકવાદી શું કંઇ સગા થાય છે?તમે એમની આટલી તરફદારી કેમ કરો છો?
પંડિતજીઃ દેખો ભાઇ !હું તેમની તરફદારી નથી કરતો હું તો તમને આટલું જ ફક્ત બતાવવા માંગુ છું કે તેઓ પણ મારા તમારા જેવા આત્મા જ છે. હું તો તમને આટલું જ સમજાવવા માંગું છું કે જો કદાચ તે જ આતંકવાદી તમારા કોઇ સગાવહાલા હોત તો તમે શું કરેત? કદાચ તમારો જન્મ તેમના જ કુંટુંબ ના ભાઇ અથવા બહેન ના સ્વરૂપે થયો હોત તો તમે શું કરેત? મને તો એવો વિસ્વાસ છે કે તમે તેઓ

તરફ નફરત તો ન જ કરેત , કદાચ તેમની ભુલો માટે તેમને સાચો રસ્તો બતાવત!

પત્રકારઃ જે કાયર હોય છે તેજ આવી માફ કરાવવાની વાત કરે છે કે આતંકવાદીઓને માફ કરી દેવા જોઇએ?
પંડિતજીઃક્ષમા કરવી તે જો કાયરતા છે તો ક્ષમા વીર નું ભુષણ કેમ કહેવાય છે? દુ;ખનું કારણ શત્રુ નહિ શત્રુતા છે અમારે તો શત્રુનો નાશ નથી કરવો, શત્રુતા નો નાશ કરવો છે.એક શત્રુનો નાશ કરીશું તો બીજા લાખો શત્રુ ઉભા થશે. કદાચ (જો) આપણે શત્રુતા નો નાશ કરીશું તો જગત માં કોઇ અમારો શત્રુ જ નહી રહે.

પત્રકારઃ શત્રુતા નો નાશ કરવો એટલું સહેલુ નથી. જેમણે અમારૂં આટલું બધું નુકશાન કર્યુ તેને અમે માફ કેવી રીતે કરી દઇએ?
પંડિતજીઃઆ પ્રશ્ન આટલો અઘરો એટલે માટે લાગે છે કે તેઓએ અમારૂં ખરાબ (બુરૂં) ઇચ્છ્યું છે. અમારો પુણ્ય નો ઉદય હોત તો અમારૂં કંઇ જ નુકશાન ન થાત નુકશાન થવા નો દોષ બીજા ને ન આપો. આપણા કર્મ નો ઉદય પ્રમાણે લાભ નુકશાન થાય છે. અને હાં, તમને એમના પર ગુસ્સો એટલા માટે નથી આવ્યો કે તેઓ આતંક્વાદી ના રૂપમાં જાણ્યા ત્યારે ગુસ્સો આવ્યો.

પત્રકારઃ તેઓ આતંકવાદી છે તેથી તો અમે તેમને એ રૂપ માં જાણ્યા, જેઓ આતંકવાદી નહોતા તેમને અમે એ રૂપમાં ન જોયા તેમાં અમે શું ખોટું કર્યુ?
પંડિતજીઃ હું માનું છું કે તેઓ આતંકવાદી હતા તેથી તો અમે તેમને એ રૂપે જાણ્યા. પરંતુ તમે આ વાત કેમ ભુલી જાઓ છો કે તેઓ પણ આત્મા જ હતા.તેમને આત્મા રૂપમાં કેમ ન જાણ્યા?તમે એકવાર પણ તેઓને આત્માનારૂપ માં જાણ્યા હોત તો તમને ચોક્કસ જ ગુસ્સો ન આવત. આત્મિક દ્રષ્ટિ પ્રગટ થવાથી ક્રોધ નથી આવતો ક્રોધ દુર કરવા માટે આના સિવાય કોઇ બીજો રસ્તો જ નથી.

પત્રકારઃ આંતકવાદ માં અનેકાંત નું તાત્પર્ય શું છે?
પંડિતજીઃ મારવાવાળો અને મરવાવાળા બંને કરુણાપાત્ર છે.આનું જ નામ અનેકાંત કરુણા છે. જો ક્સાઇ ગાય ને માટે તો અજ્ઞાનીને ગાય પ્રતિ કરુણા અને કસાઇ પ્રત્યે ક્રોધ આવે છે. નીને તે બંને પ્રતિ કરુણા આવે છે. જ્ઞાનીને બંને ના કર્મ નો ઉદય આવો હશે એમ માને છે.

પત્રકારઃ શું તમને તમારા દેશ પ્રત્યે પ્રેમ નથી? જો પ્રેમ હોય તો આવી અહિંસા ની વાત ન કરત?
પંડિતજીઃ હું તમને પ્રશ્ન પુછુ છુ કે શું ગાંધીજી એ અહિંસા નો માર્ગ અપનાવ્યો,તો શું તેઓ દેશને નહોતા ચાહતા?આટલુંપણ ચોક્કસ છે કે તેમણે અહિંસા ના બળ પર જ હિંસ્તાનને આઝાદી અપાવી.

પત્રકારઃ જો અમે તે આતંકવાદી પ્રત્યે ક્ષમા અને કરુણા ભાવ નહિ રાખીએ, અને અહિંસાનો માર્ગ અપનાવીએ તો તમે અમારૂં શું કરી શકશો?
પંડિતજીઃ ભાઇ, અમે તો કંઇ નહિ કરીએ,અમે તો એક આત્મા સમજી ને ,તમાર પ્રતિ પણ ક્ષમા અને કરુણા ની ભાવના કરીશું.જેવી રીતે અમે તે આતંકવાદીઓ પર કરી છે. કારણ કે અમારે તો અમારૂં

સંસાર પરિભ્રમણ અટકાવ્યું છે. અનંતકાળથી આ સંસારચક્રનું પરિભ્રમણ ક્ષમા અને કરૂણા પ્રગટ કર્યા સિવાય અટકાવી નહિ શકાય. તમે જો જોશમા આવીને આ વાંચશો તો તમને મારા પર જરૂર ક્રોધ આવી શકે છે, પરંતુ શાંત મગજ થી પુરા હોશ માં રહિને વિચાર કરશો તો હું શું કહેવા માંગુ છું તે તમને સમજાશે. જો કદાચ આ ચિંતનથી કોઈની પણ ભાવનાઓ પર આઘાત પહોચ્યો હોય તો ક્ષમા માંગું છું. દરેક જીવ રાગદ્વેષ રહિત થઇને અતિન્દ્રિય સુખની પ્રાપ્તિ કરો એવી મંગળ ભાવના સાથે હું વિરામ લઉ છું.